# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૬૨ તા.૧૯-૮-૧૫**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- સ્પીપા અવેરનેસ ડ્રાઈવ અંતર્ગત બાયસેગ દ્વારા કાર્યક્રમ નિહાળવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા(સ્પીપા) દ્વારા વર્ગ-૧ અને ૨ ના સરકારી અધિકારીઓ માટે જુદા જુદા પ્રકારની તાલીમ આપવામાં આવે છે. સાથે જ સંસ્થા દ્વારા યુ.પી.એસ.સી.ની પરીક્ષા માટે તથા કેન્દ્ર સરકારના જાહેર સાહસોમાં ભરતી માટેની વિવિધ પરીક્ષાઓની તૈયારી કરવાની તાલીમ આપવામાં આવે છે. ગુજરાતના ખૂણેખૂણાની કોલેજોમાં ભણતા અને આવી ભરતી પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ સ્પીપા દ્વારા આપવામાં આવતી આવી તાલીમ અંગે માહિતગાર થાય અને આવી પરીક્ષાઓ આપવા માટે જાગૃત થાય તે હેતુથી સ્પીપા અવેરનેસ ડ્રાઈવ યોજવાનું નક્કી થયેલ છે.

આવી અવેરનેશ ડ્રાઈવ ગુજરાતના મુખ્ય છ શહેરો (અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભૂજ અને ભાવનગર)માં તા.૨૦-૮-૧૫ થી તા.૧૧-૯-૧૫ વચ્ચે યોજવાનું આયોજન છે. જેની સહુ પ્રથમ ઈવેન્ટ તા.૨૦-૮-૧૫ના રોજ સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ કલાકે સ્પીપા ઓડિટોરિયમ ખાતે આયોજિત થનાર છે. આ શુભ પ્રસંગે માન. મુખ્યમંત્રીશ્રી તથા રાજયકક્ષાના મંત્રીશ્રી શ્રીમતી વસુબહેન ત્રિવેદી ઉચ્ચ શિક્ષણ, મહિલા અને બાળવિકાસ પણ ઉપસ્થિત રહેનાર છે.

આ ઉદ્દ્‌ઘાટન પ્રસંગનું બાયસેગ દ્વારા રાજ્યની બધી જ શાળાઓમાં કરવામાં આવે તો ગુજરાતના દરેક શાળામાં ભણતા વિદ્યાર્થીઓમાં આવી ભરતી પરીક્ષાઓ માટે જાગૃતિ આવે અને તેઓને ભવિષ્યમાં કારકિર્દી વિશે સાચુ માર્ગદર્શન મળી રહે તે હેતુથી આ પ્રસારણનું આયોજન કરવામાં આવેલ છે.

તા.૨૦-૮-૧૫ના રોજ સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ કલાકે બાયસેગથી જોડાયેલ તમામ શાળાઓમાં આ કાર્યક્રમ નિહાળવા માટે શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓએ યોગ્ય વ્યવસ્થા ગોઠવવી અને શાળાઓમાં વિદ્યાર્થીઓને આ બાબતની જાણ કરશો.

તા.૧૯-૮-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી